અપીલ અરજી નં.૧૭ તા.૮–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

સામાવાળાઃ– ઈ.ચા. પર્સોનલ ઓફિસર (આર) અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ)
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વર્કશોપ)
ડે.કમિ.(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ)
ઈ.ચા. ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર)
ગાર્ડન સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારી (ગાર્ડન ખાતુ)
ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જા.મા.અ. (આરોગ્ય)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( હાઈડ્રોલીક, લીંબાયતઝોન)
ડે.કમિ.(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)
એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૪–૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) પી.આઈ.ઓ એડી.સીટી ઈજનેરશ્રીના તા.૯–૧–૧૧ના પત્ર નં.ઈ.ઝેડ/ આરટીઆઈ/૬૫૭માં જણાવવામાં આવેલ છે કે બેલદારો પાસેથી ડ્રાઈવરોનું કામ લેવામાં આવે છે (૧) વેસ્તાભાઈ નેહુડા કર્મચારી નં.૯૦૪૩ (૨) જશવંતભાઈ બાબુભાઈ અહીરકર કર્મ.નં.૯૬૪૩ (૩) દાના રાજીભાઈ કર્મ.નં.૧૭૦૦૪ (૪) છગન બાબુભાઈ કર્મ.નં.૩૪૬૮૨ (૫) કાંતી રવજી કર્મ.નં.૧૩૬૦૬ (૬) રમેશ શુકકરભાઈ કર્મ.નં.૧૮૪૩૦ (૭) રાજેન્દ્ર કાંતીભાઈ કર્મ.નં.૮૧૦૮૦ આ તમામ બેલદારોનાં હેવી વ્હીકલ ડ્રાઈવીંગ લાયસન્સની નકલો. વિ. મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૦૮–૪–૧૧ ની **SMC/FAP/** નં.૧૭/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૪–૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) પી.આઈ.ઓ એડી.સીટી ઈજનેરશ્રીના તા.૯–૧–૧૧ના પત્ર નં.ઈ.ઝેડ/ આરટીઆઈ/૬૫૭ માં જણાવવામાં આવેલ છે કે બેલદારો પાસેથી ડ્રાઈવરોનું કામ લેવામાં આવે છે (૧) વેસ્તાભાઈ નેહુડા કર્મચારી નં.૯૦૪૩ (૨) જશવંતભાઈ બાબુભાઈ અહીરકર કર્મ.નં.૯૬૪૩ (૩) દાના રાજીભાઈ કર્મ.નં.૧૭૦૦૪ (૪) છગન બાબુભાઈ કર્મ.નં.૩૪૬૮૨ (૫) કાંતી રવજી કર્મ.નં.૧૩૬૦૬ (૬) રમેશ શુકકરભાઈ કર્મ.નં.૧૮૪૩૦ (૭) રાજેન્દ્ર કાંતીભાઈ કર્મ.નં.૮૧૦૮૦ આ તમામ બેલદારોનાં હેવી વ્હીકલ ડ્રાઈવીંગ લાયસન્સની નકલો. વિ. મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે મળેલ માહિતી અંગે અસંતુષ્ટ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૦૮–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૭ તા.૨૦–૪–૧૧ થી ઈ.ચા. પર્સોનલ ઓફિસર (આર) અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વર્કશોપ), ડે.કમિ.(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ),ઈ.ચા. ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર), ગાર્ડન સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારી (ગાર્ડન ખાતુ) તથા અરજદારનેઅપીલ અરજીમાં સત્ય માહિતિ નહીં હોવાના દાવાના સમર્થનમાં આધાર હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જાવક જીએડી/ઈએસટી/૨૫૫ તા.૨૬–૪–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૭૧૦ તા.૨૫–૨–૧૧ થી કાર્યપાલક ઈજનેર વરાછા, અઠવાઝોન, વર્કશોપ અને પર્સોનલ ઓફિસર મહેકમ અને રીક્રુટમેન્ટને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ તથા મ્યુ. વર્કશોપ તરફથી પત્ર નં.વર્કશોપ/આરટીઆઈ/જાવક/૩૬ તા.૮–૩–૧૧ થી પર્સોનલ ઓફિસર અને મહેકમને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે નાણા ભરવા

પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/૪૧૩૮ તા.૪–૩–૧૧ ના પત્રની નકલ, તથા અરજદારને આપેલી માહિતી અંગે પાઠવેલ જીએડી/ઈએસટી/૪૩૯૬ તા.૧૯–૩–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.તથા મુદ્દા નં.૪ અંગે પત્ર નં.૪૩૨૯ ના ૧૬–૩–૧૧ થી વર્કશોપને પુનઃ તબદીલ કરેલ પત્રની નકલ મળેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૮૪ તા.૨૬–૪–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, તથા જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપેલી માહિતી અંગે સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૩૭૪ તા.૮–૩–૧૧ ના પત્રની નકલ તથા તે પોસ્ટ કર્યા અંગેના પુરાવાની નકલ, મ્યુ. વર્કશોપ તરફથી વર્કશોપ/આરટીઆઈ/જાવક/૩૬ તા.૧૯–૩–૧૧ થી તમામઝોન, ચીફ ફાયર ઓફિસર, આરોગ્ય અધિકારી, ગાર્ડન સુપ્રિ. હાઈડ્રોલીક ઈજનેર, ડ્રેનેજ ઈજનેર વિગેરેને મુદ્દા નં.૪ અંગે તબદીલ કરેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ગાર્ડન તરફથી પત્ર નં.પીપીજી/આ.નં.૧૧૬ તા.૨૮–૪–૧૧ ના પત્રથી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, મ્યુ. વર્કશોપ તરફથી તબદીલ થયેલ પત્રની નકલ તથા અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.પીપીજી/આ.નં.૧૬૬૩ તા.૨૯–૩–૧૧ ના પત્રની નકલ અત્ર મળેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/એપેલેટ/આરટીઆઈ/આ.નં.૭૭૦ તા.૩–૫–૧૧ ના પત્રથી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૭૭૦ તા.૨૮–૩–૧૧ ના પત્રની નકલ, પરમાર ધનાભાઈ તથા પટેલ કાંતિભાઈ તથા રાજેન્દ્રકુમાર વાળંદના ડ્રાઈવીંગ લાયસન્સની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૨ તા.૨૫–૪–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ તથા સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, વર્કશોપ તરફથી તબદીલ થયા અંગેના પત્રની નકલ તેમજ અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૫૪૯ તા.૨૮–૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ, ફાયર, વર્કશોપ તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી પૂરક વિગત માંગતા પત્રમાં તા.૩૦–૪–૧૧ ના રોજ ના પત્રથી પૂરક વિગત મળેલ છે. જેમાં રૂા.૬/– દસ્તાવેજ ફી ભરવા છતાં વરાછાઝોનની માહિતી નહીં મળ્યાની રજૂઆત કરેલ છે.

અરજદારની તા.૨૪–૨–૧૧ ની અરજીથી ૨૧૮ ડ્રાઈવરોની વિગત ઝોન વિભાગના વ્હીકલ સહિતના ડ્રાઈવરોના નામ સાથેની માહિતીની યાદીની નકલ અંગે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી પર્સોનલ ઓફિસર આરને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૭૧૦ તા.૨૫–૨–૧૧ થી કાર્યપાલક ઈજનેર વરાછાઝોન , અઠવાઝોન, વર્કશોપ અને પર્સોનલ ઓફિસર મહેકમ અને રીક્રુટમેન્ટને તબદીલ કરવામાં આવેલ. વર્કશોપ તરફથી પત્ર નં.વર્કશોપ/આરટીઆઈ/જાવક/૩૬ તા.૮–૩–૧૧ થી પર્સોનલ ઓફિસર અને મહેકમ તથા તા.૧૯–૩–૧૧ થી મુદ્દા નં.૪ અંગે તમામઝોન ચીફ ફાયર ઓફિસર, આરોગ્ય અધિકારી ગાર્ડન સુપ્રિ., હાઈડ્રોલીક ઈજનેર , ડ્રેનેજ ઈજનેરને તબદીલ કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/ આરટીઆઈ/ ૭૭૦ તા.૨૮–૩–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ. તથા ઈ.ઝેડ/આરટીઆઈ/૭૫૧ તા.૨૩–૩–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૪૧૩૮ તા.૪–૩–૧૧ થી અરજદારને માહિતી અંગે નાણા ભરવા પત્ર પાઠવવામાં આવેલ. ત્યાર બાદ પત્ર નં.જીએડી/ઈએસટી/૪૩૨૯ તા.૧૬–૩–૧૧ થી મુદ્દા નં.૪ અંગેની માહિતી અંગે વર્કશોપને પુનઃ તબદીલ કરેલ તથા પત્ર નં.જીએડી/ઈએસટી/૪૩૯૬ થી મુદ્દા નં.૫ અંગેની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ. જયારે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી મુદ્દા નં.૩ અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૩૭૪ તા.૮–૩–૧૧ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ફાયર તરફથી મુદ્દા નં.૪ ની આંશિક એફબી/એસપી/ ૨૪૬૧ તા.૨૮–૩–૧૧ થી માહિતી આપવામાં આવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ગાર્ડન તરફથી પત્ર નં.પીપીજી/૧૬૬૩ તા.૧૯–૩–૧૧ થી તથા જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી પત્ર નં.જીએડી/ઈએસ ટી/આર/૧૫૪૯ તા.૨૮–૨–૧૧ થી "લાગુ પડતું નથી" તેવું જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ તરફથી પત્ર નં.ડીએનજી/૦૧ તા.૬–૪–૧૧ થી અત્રેના ખાતાને સ્પર્શતો કોઈ મુદ્દા ન હોઈ માહિતી આપવાની રહેતી નથી તેવું જણાવેલ છે. જેમાં મુદ્દા નં.(૧) પી.આઈ.ઓ એડી.સીટી ઈજનેરશ્રીના તા.૯–૧–૧૧ના પત્ર નં.ઈ.ઝેડ/ આરટીઆઈ/૬૫૭ માં જણાવવામાં આવેલ છે કે બેલદારો પાસેથી ડ્રાઈવરોનું કામ લેવામાં આવે છે (૧) વેસ્તાભાઈ નેહુડા કર્મચારી નં.૯૦૪૩ (૨) જશવંતભાઈ બાબુભાઈ અહીરકર કર્મ.નં.૯૬૪૩ (૩) દાના રાજીભાઈ કર્મ.નં.૧૭૦૦૪ (૪) છગન બાબુભાઈ કર્મ.નં.૩૪૬૮૨ (૫) કાંતી રવજી કર્મ.નં.૧૩૬૦૬ (૬) રમેશ શુકકરભાઈ કર્મ.નં.૧૮૪૩૦ (૭) રાજેન્દ્ર કાંતીભાઈ કર્મ.નં.૮૧૦૮૦ આ તમામ બેલદારોનાં હેવી વ્હીકલ ડ્રાઈવીંગ લાયસન્સની નકલો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી આ બેલદારોમાં ત્રણ બેલદારોની હેવી વ્હીકલ લાયસન્સની નકલો મેળવવા રૂા.૬/– ભર્યેથી આપવામાં આવશે. તેમજ બાકીના બેલદારો રોલર ચલાવતા હોઈ રોલર માટે લાયસન્સની જરૂર રહેતી નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે સેન્ટ્રલઝોનમાં રસીદ નં.૨૯૬૬૦૬ તા.૨–૪–૧૧ ના રોજ ભરપાઈ કરેલ છે તેવો શેરો અત્રે રજૂ કરેલ નકલ પર છે પરંતુ ત્યાર બાદ નકલો આપ્યાની કોઈ વિગતો રજૂ થયેલ નથી. ત્રણ ડ્રાઈવરોના લાયસન્સની નકલ પણ અત્રે અપીલ તબકકે રજૂ કરેલ છે. મુદ્દા નં.(૨) ઈસ્ટઝોન વરાછાઝોનમાં પાંચ ડ્રાઈવરો સ્પેરમાં હોવા છતાં છ ડ્રાઈવરોને કોન્ટ્રાકટમાં રાખવા અંગેની, પાંચ ડ્રાઈવરોના માસિક પગારની અને છ ડ્રાઈવરની કોન્ટ્રાકટની

રકમ અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી કોઈ માહિતી પૂરી પાડેલ જણાતી નથી. મુદ્દા નં.(૩) કાર્યપાલક ઈજનેર અઠવાઝોનના તા.૧૪–૨–૧૧ના પત્ર નં.સા.વે.ઝોન/ આરટીઆઈ/ આ.નં.૧૩૦૫ માં કુલ ૨૧ ડ્રાઈવરોની નિમણુંક જણાવેલ છે જયારે તા.૩–૨–૧૧ ના પત્ર નં.સા.વે.ઝોન/ આરટીઆઈ/ આ.નં.૧૨૭૩ માં કુલ ૭૭ ફોર વ્હીલ વ્હીકલની સામે ૧૧૪ ડ્રાઈવરોની સંખ્યા જણાવેલ છે. ૭૭ વ્હીલકની સામે ૧૧૪ ડ્રાઈવરો એટલે કે ૩૭ વધારાના ડ્રાઈવરો અંગેની અને ૩૭ વધારાના ડ્રાઈવરોના માસિક પગાર અંગેની તથા ૩૭ વધારાના ડ્રાઈવરોના વ્હીકલ સહિતની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી સદર અરજી વરાછાઝોનમાં મુદ્દા નં.૩ થી ૫ માં તબદીલ થયેલ પરંતુ સદર મુદ્દાઓ વરાછાઝોનને લાગુ પડતા ન હોઈ માહિતી નીલ છે. તેવું જણાવેલ છે જયારે તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી અરજદારે મુદ્દા નં.૩ માં અઠવાઝોનના તા.૧૪–૨–૧૧ ના પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૩૦૫ માં જણાવ્યા કુલ ૨૧ ડ્રાઈવરોની વિગતો દર્શાવેલ છે જે ડ્રાઈવરો તાલીમાર્થી ડ્રાઈવરો છે. જયારે તા.૩–૨–૧૧ ના પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/૧૨૭૩ માં જણાવ્યા મુજબ મુદ્દા નં.૧ માં હેવી વ્હીકલ, લોડર તથા ટ્રકની સંખ્યા –૪૭ તથા મુદ્દા નં.૨ માં ફોર વ્હીલ લાઈટ વ્હીકલની સંખ્યા ૨ મળી ૪૯ વાહનો થાય છે. જયારે મુદ્દા નં.૩ માં જણાવ્યા મુજબ હેવી વ્હીકલ ડ્રાઈવરોની સંખ્યા ૪૩ થાય છે. જયારે મુદ્દા નં.૪ માં જણાવ્યા મુજબ ફોર વ્હીલ લાઈટ વ્હીકલ ડ્રાઈવરોની સંખ્યા બે મળી કુલ ડ્રાઈવરની સંખ્યા –૪૫ થાય છે. તેમજ એક તાલીમાર્થી ડ્રાઈવર લાંબા સમયથી ગેરહાજર હોવાથી ડ્રાઈવરોની સંખ્યા ૪૬ થાય છે. આ કુલ ડ્રઈવરોની સંખ્યામાં ૨૧ તાલીમાર્થી ડ્રાઈવરોનો સમાવેશ થાય છે. ઉપરોકત હકીકત ધ્યાને લેતાં તમારા માહિતી માંગતી અરજી સંદર્ભે વધારાના ડ્રાઈવરો ન હોવાથી તેમની માહિતી આપવાની રહેતી નથી તેવું જણાવેલ છે. આમ અરજદારને મુદ્દા નં.૩ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૪ ડે.ઈજનેર વર્કશોપ તરફથી તા.૧૯–૩–૧૧ ના પત્ર નં.વર્કશોપ/આરટીઆઈ/જાવક/ ૩૩ માં અનુક્રમ નં.૧ થી ૨૨૨ હેવી વ્હીકલનું નામ, નંબર ચેક ડેપો અને ઝોન જણાવેલ છે પરંતુ હેવી વ્હીકલ ૨૨૨ ડ્રાઈવરોના નામ કર્મચારી નંબર જણાવેલ છે જે જણાવી માહિતીની નકલની યાદી આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી સદર અરજી વરાછાઝોનમાં મુદ્દા નં.૩ થી ૫ માં તબદીલ થયેલ પરંતુ સદર મુદ્દાઓ વરાછાઝોનને લાગુ પડતા ન હોઈ માહિતી નીલ છે. તેવુ જણાવેલ છે પરંતુ સદર પત્ર તા.૨૩–૩–૧૧ માં જણાવેલ મુદ્દા અને માહિતિ અપીલ હેઠળની અરજી કે અપીલના જણાતા નથી. જેથી તે અંગે વરાછા ઝોન ધ્વારા કોઈ માહિતિ અપાયાનું જણાતુ નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધયસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૪૩૨૯ તા.૧૬–૩–૧૧ થી મુદ્દા નં.૪ ની આંશિક માહિતી અર્થે તબદીલ થયેલ જેમાં જણાવેલ વિગતો ધ્યાને લેતાં તમારા ધ્વારા આપવામાં આવેલી માહિતી મુજબના ૨૨૨ હેવી વ્હીકલ જે તે ઝોન/ખાતામાં ફાળવવામાં આવેલ હોઈ તે ઝોન /ખાતા પાસે વાહનોનો નંબર તથા તેના ડ્રાઈવરોના નામની વિગત ઉપલબ્ધ થઈ શકે તેમ હોય તે ઝોન/ખાતાને અરજી તબદીલ કરવા જોગ હોઈ અરજી ડે.ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી મ્યુ. વર્કશોપને તા.૧૬–૩–૧૧ ના રોજ તબદીલ કરવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી ફાયર તરફથી મુદ્દા નં.૪ અંગે એફબી/એસપી/૨૪૬૧ તા.૨૮–૩–૧૧ થી આંશિક માહિતી મ્યુ. વર્કશોપ તરફથી તાફ૧૯–૩–૧૧ ના રોજ તબદીલ થયેલ મુદ્દા નં.૪ અંગે ફાયર એન્ડ ઈમરજન્સી સર્વીસીસના હેવી વ્હીકલ ડ્રાઈવરોના નામ અને કર્મચારી નંબરની આંશિક માહિતી આપવામાં આવેલ છે તેવું જણાવેલ છે. જે અંગે અત્રે ૧૦૮ ડ્રાઈવરની યાદીની નકલ પણ રજૂ કરેલ છે. મુદ્દા નં.૫ ડે. કમિ.(૫અનેઈ) ના તા.૧૧–૨–૧૧ ના પત્રથી જીએડી/ઈએસટી/૩૯૧૪ થી અરજદારને બીપીએમસી બુકના પાના નંગ–૨ ની ઝેરોક્ષ નકલ આપેલ છે જેનાથી અરજદારને માંગેલી માહિતીની પૂર્તતા થતી નથી જેથી અરજદારે માંગેલ કુલ ૨૧ ૮ ડ્રાઈવરોની નિમણુંક કમિ.શ્રીના હુકમથી થી સા. સભા કે સ્થા. સભાના ઠરાવથી કરવામાં આવેલ છે. જે અંગે સ્પષ્ટ માહિતીની નકલ આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી સદર અરજી વરાછાઝોનમાં મુદ્દા નં.૩ થી ૫ માં તબદીલ થયેલ પરંતુ સરદ મુદ્દાઓ વરાછાઝોનને લાગુ પડતા ન હોઈ માહિતી નીલ છે. તેવું જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ધ્વારા પત્ર તા.૨૩–૩–૧૧ થી જણાવેલ છે. પરંતુ તેમાં નિર્દિષ્ટ બાબત હેઠળની અરજી અન્વયે અપીલ ને સુસંગત નથી. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી મુદ્દા નં.૫ અંગે માહિતી અધિકાર અધિનિયમની કલમ–૬(૧) અને ગુજરાત માહિતીના અધિકારી નિયમો–૨૦૧૦ નિયમ–૩(૧) હેઠળ તા.૨૪–૨–૧૧ ની આઈ ડી નં.૧૨૭૨ ની મહેકમ ખાતાને લાગતા મુદ્દા નં.૫ માંગેલી માહિતી અને દસ્તાવેજોના અનુસંધાનમાં આ અગાઉ પણ અરજદારને મહેકમ વિભાગ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/ ૪૦૮૯ તા.૩–૩–૧૧ થી લાગત માહિતી પૂરી પાડવામાં આવેલ છે તેમ છતાં જરૂર જણાય તો પાના નંગ–૧૨ ના પાના દીઠ રૂા.૨/– લેખે ૨૪/– જમા કરાવવાનું ફરમાવવામાં આવે છે. જેના સંદર્ભે અરજદારે તા.૧૭–૩–૧૧ ના રોજ રસીદ નં.૨૩૭૭૫૪ સેન્ટ્રલઝોન ખાતે ભરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૪૩૯૬ તા.૧૯–૩–૧૧ થી મુદ્દા નં.૫ માં માગેલ ૨૧૮ ડ્રાઈવરોની નિમણુંક સક્ષમ સત્તાની મંજુરી અન્વયે ઉભી કરવામાં આવેલી જગ્યાઓ પૈકી ખાલી રહેતી જગ્યાઓ ઉપર મ્યુ. કમિ.શ્રીની જુદી જુદી મંજુરીથી કરવામાં આવેલ છે જેની નકલો અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે નહીં મળેલા પ્રતિભાવ તથા નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૮–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે મુદ્દા નં.૧ માં અરજદારે વરાછાઝોન તરફથી માહિતી પેટે રૂા.૬/– ભરપાઈ કરવા જણાવેલ જે અંગે અરજદારે રસીદ નં.૨૯૬૬૦૬ તા.૨–૪–૧૧ થી ભરપાઈ કરેલ હોવા છતાં નહીં મળ્યાની રજૂઆત કરેલ છે. મુદ્દા નં.૨ ની માહિતી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પૂરી પાડવામાં આવેલ નથી. મુદ્દા નં.૩ માં અઠવાઝોનની માહિતી અંગે બે માહિતી વિભિન્ન આપેલ છે તેવુ જણાવી તા.૨૪–૨–૧૧ ની માહિતીમાં વ્હીકલ ૭૭

અને ડ્રાઈવરો ૧૧૪ જણાવેલ જયારે તા.૮–૩–૧૧ ની માહિતીમાં વ્હીકલ ૯૪ અને ડ્રાઈવરો ૭૪ જણાવેલ છે. ૨૧ ડ્રાઈવરો વધુ હોવાથી રજૂઆત કરી માહિતી અસત્ય છે તેવું જણાવેલ છે. અરજદાર આ મુદ્દા પરત્વે તેમની મુળ અરજીમાં જણાવેલ વિગતો અને અપીલ તબકકે જણાવેલ વિગતોમાં વિરોધાભાસી આંકડા આપેલ છે. તેમ છતાં અરજદાર ઈન્સ્પેકશન મેળવી લાગત વિગતોની ખરાઈ કરી શકે છે. અત્રે એ પણ પ્રસ્તુત છે કે અરજદારે જે સંદર્ભ અઠવાઝોનના પત્રનો અગાઉનો જણાવેલ છે તે અપીલમાં રજૂ કરેલ નથી. મુદ્દા નં.૪ ની માહિતી અંગે જાહેર માહિતી અધિકારી વર્કશોપ તરફથી વર્કશોપ/આ.નં.૩૬ તા.૮–૩–૧૧ થી જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ અને રીક્રુટમેન્ટને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે મધ્યસ્થ મહેકમ તરફથી અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી૪૩૨૯ તા.૧૬–૩–૧૧ થી વિગતવાર રજૂઆત સહિત મુદ્દા નં.૪ અંગે જાહેર માહિતી અધિકારી વર્કશોપને તબદીલ કરવામાં આવેલ. તથા વર્કશોપ ધ્વારા તા.૧૯–૩–૧૧ ના પત્રથી તમામ ઝોન, આરોગ્ય, ડ્રેનેજ, હાઈડ્રોલીક, ફાયર તથા ગાર્ડનને તબદીલ કરેલ તેથી તે તેમને પુરી પાડવી રહે. ત્યારબાદ અરજદારે જાહેર માહિતી અધિકારી ગાર્ડન, ફાયર અને ડ્રેનેજની નીલ માહિતી વિલંબથી પૂરી પાડયાની અપીલમાં રજૂઆત કરેલ છે. અરજદારે અપીલમાં જે તે જાહેર માહિતી અધિકારીના અગાઉની માહિતી અરજી અંગે આપેલ પત્રોનો સંદર્ભ આપેલ છે પરંતુ અપીલ તબકકે તે પૈકી કોઈ રજૂ કરેલ નથી. પુનરાવર્તીત સુચના છતાં અપીલ તબકકે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતિ અધિકારી કક્ષાએથી પુરી વિગતો સહ પક્ષ રજુ કરવાને બદલે 'સંકલન' નામે મોકલાય છે જેને કારણે મુદ્દા નં.૩ થી ૫ અંગે અરજદારને બીજી અરજીનો પ્રત્યુત્તર આ અરજીમાં આપ્યાની રજુઆત કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ ની આપેલી માહિતીમાં અરજદારે નાણા ભરપાઈ કરેલ હોઈ તેમ છતાં તે પૂરી પાડેલ ન હોઈ તે માહિતી પૂરી પાડવા તેમજ મુદ્દા નં.૨ ની જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે. સાથે અપીલીય કાર્યવાહી સમયે પક્ષ જાહેર માહિતિ અધિકારી કક્ષાએથી જ રજુ થાય તેની તકેદારી લેવા પણ પુનઃ ભાર પુર્વક એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતિ અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે. મુદ્દા નં.૪ ૨૨૨ હેવી વ્હીકલ ડ્રાઈવરના નામ તથા કર્મચારી નંબરની માહિતી અંગે જાહેર માહિતી અધિકારી વર્કશોપ તરફથી તા. ૯–૩–૧૧ ના રોજ તમામઝોન , ફાયર, આરોગ્ય, ગાર્ડન, હાઈડ્રોલીક તથા ડ્રેનેજને તબદીલ કરવા છતાં ફાયર, ડ્રેનેજ તથા ગાર્ડન સિવાયના અન્યએ માહિતી પૂરી પાડેલ ન હોઈ તમામઝોન આરોગ્ય તથા હાઈડ્રોલીકને મુદ્દા નં.૪ પૂરતી દફતરી હકીકતલક્ષી માહિતી પૂરી પાડવા તેના જાહેર માહિતી અધિકારીઓને જણાવવામાં આવે છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી અરજદારે મુદ્દા નં.૩ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે . તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો રજીસ્ટર કે ફાઈલનું દફતરી ઈન્સ્પેકશન કરી જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તરની ખરાઈ કરવા સ્વતંત્ર છે. જે માટે અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી લાગુ કિસ્સામાં આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ તપાસણી ફી ભરપાઈ કરવાની રહેશે. અરજદારની માંગણી થયે હુકમની અમલવારી કરવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,

(૧) ઈ.ચા. પર્સોનલ ઓફિસર (આર) અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વર્કશોપ), ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ), ઈ.ચા. ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર), ગાર્ડન સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારી (ગાર્ડન ખાતુ),ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જા.મા.અ. (આરોગ્ય), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( હાઈડ્રોલીક, લીંબાયતઝોન), ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન),એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)......જાણ તથા અમલ માટે .

(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર